Extra No. 324

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **TUESDAY, OCTOBER 28, 2025 / KARTIKA 6, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી ઓક્ટોબર, ૨૦૨૫

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-થરાદ-યુનીટ-૫ -૨૦૨૫.

થરાદ નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ

૧. ભારતના સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ,૧૯૬૩ની(જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે)કલમ-૬ની પેટા કલમ ૪થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ-૬ની, પેટાકલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજ્ય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ(એમેડમેન્ટ) એકટ ૨૦૦૯થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરવામાં આવેલ છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.રાજ્ય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૫માં સુધારો

કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ ૬(૩) ના પેટા ખંડ (ગ) મુજબ બેઠકોની કુલ સંખ્યાના ૨૭ ટકા સુધીની મર્યાદામાં બેઠકો પછાત વર્ગ માટે અનામત રાખવાની છે. આ અંગે ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (ગુજરાત-૧૭ ઓફ ૨૦૨૩), તા.૨૯/૦૯/૨૦૨૩થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા સુધીની બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે.આ અંગે વોર્ડની સંખ્યા તથા બેઠકો (અનામત બેઠકો સહિત)ના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા જાહેરનામાં બહાર પાડવામાં આવેલ છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ તથા કલમ ૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV/361 of 2025 UDUHD/MSM/e-file/18/2024/9159/M, તા -01/10/2025નાં સને ૨૦૧૧ની વસ્તીગણતરીના આંકડાના આધારે થરાદ નગરપાલિકાને ૭ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૨૮ બેઠકો નક્કી કરેલ છે.વિભાગે જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા KV/361 of 2025 UDUHD/MSM/e-file/18/2024/9159/M, ત-01/10/2025નાં અધિનિયમની કલમ-૨૭૭ની પેટાકલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪, અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૫ કે જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૪. નિયમોના નિયમ-૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યત: વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહીં. આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૫. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૧૧ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૨૭૯૫૪ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૩૯૯૩ થાય છે.

૬. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારીઓ/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે કોઈપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦% વસ્તીના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૭. શહેરના ૭ વોર્ડોનું નિયમ-૩ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૮. નિયમોના નિયમ (સુધારા)-૪ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સીલર ચૂંટવાના છે તેમજ નિયમોના (સુધારા) નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામાં મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ,અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૯. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોનાં ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે.આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ(સ્ત્રી બેઠકો સહિત)ની બેઠક જે તેવર્ગની જે વોર્ડમાં વધુમાંવધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારીત કરવાનું થાય.વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો-૧૯૯૪ના નિયમ-૬ (ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસ્તીની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નક્કી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા, છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૦. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૭ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. અને ૭ બેઠકો પૈકી ૪ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે

૧૧. સને ૨૦૧૧ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ..... સૂચિત વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૧	૪૩૨૯	૨૭૩૮	૬૩.૨૪
૨	૩	૪૦૫૬	૧૫૮૩	૩૯.૦૨
૩	૪	૩૭૭૦	૯૪૯	૨૫.૧૭
૪	૫	૩૬૨૨	૫૨૮	૧૪.૫૭
૫	૭	૩૮૯૫	૩૪૭	૮.૯૦
૬	૨	૪૬૯૧	૩૯૭	૮.૪૬
૭	૬	૩૫૯૧	૬૭	૧.૮૬
	કુલ	**૨૭૯૫૪**	**૬૬૦૯**	

૧૨. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં-૧, ૩, ૪, ૫, ૭, ૨ તથા ૬ માં નિયમોના નિયમ-૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૩. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યત: આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજ્ય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતા વોર્ડ ન-૩, ૫, ૨ અને ૬માં અનુસૂચિતજાતિ સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની બેઠક (આ વર્ગની સ્ત્રી બેઠક સહિત) વોર્ડ નં. ૧, ૩, ૪, ૫, ૭, ૨ તથા ૬માં નિયમોના નિયમ-૬(ક) હેઠળ આ વર્ગની બેઠકોની ફાળવણી નીચે પ્રમાણે કરવાની થાય છે.

વોર્ડ નંબર	બેઠક
૧	અનુસૂચિત જાતિ
૩	અનુસૂચિત જાતિ સ્ત્રી
૪	અનુસૂચિત જાતિ
૫	અનુસૂચિત જાતિ સ્ત્રી
૭	અનુસૂચિત જાતિ
૨	અનુસૂચિત જાતિ સ્ત્રી
૬	અનુસૂચિત જાતિ સ્ત્રી

૧૫. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૧(એક) બેઠક અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે અને આ (એક) બેઠક અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે.

૧૬. સને. ૨૦૧૧ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત આદિજાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત આદિજાતિની વસ્તીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૭	૩૮૯૫	૫૨૬	૧૩.૫૦
૨	૩	૪૦૫૬	૨૧૭	૫.૩૫
૩	૪	૩૭૭૦	૧૬૮	૪.૪૫
૪	૫	૩૬૨૨	૬૨	૧.૭૧

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત આદિજાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત આદિજાતિની વસ્તીની ટકાવારી
૫	૬	૩૫૯૧	૩૪	૦.૯૪
૬	૨	૪૬૯૧	૨૯	૦.૬૧
૭	૧	૪૩૨૯	૦	૦
	કુલ	**૨૭૯૫૪**	**૧૦૩૬**	

૧૭. આમ, અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઉંચી ટકાવારી ક્રમ મુજબ વોર્ડ નં-૭, ૩, ૪, ૫, ૬, ૨, અને ૧માં આવતી હોઈ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ-૬(ક) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનુસૂચિત આદિજાતિ સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યત: આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં આ વર્ગની સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજ્ય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં-૭, ૪ અને ૬માં અનુસૂચિત આદિજાતિ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય છે.

૧૮. અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નંબર ૪માં નિયમોના નિયમ-૬ અન્વયે નીચે પ્રમાણે ફાળવણી કરવા થાય છે.

વોર્ડ નંબર	બેઠક
૪	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

૧૯. જાહેરનામા અન્વયે ૬ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૩ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત થયેલ છે.

વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ-૬(ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેક્ટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

૨૦. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૬ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. અને ૬ બેઠકો પૈકી ૩ પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. થરાદ નગરપાલિકાના સૂચિત ૭ વોર્ડોની વસ્તી પછાતવર્ગની અંદાજીત વસ્તી અને તેની ટકાવારી ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પછાતવર્ગની કુલ અંદાજીત વસ્તી	વોર્ડની વસ્તી સામે પછાતવર્ગની વસ્તીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૨	૪૬૯૧	૨૩૪૯	૫૦.૦૭
૨	૩	૪૦૫૬	૧૮૮૨	૪૬.૪૦
૩	૬	૩૫૯૧	૧૬૫૦	૪૫.૯૪
૪	૪	૩૭૭૦	૧૪૭૪	૩૯.૦૯
૫	૫	૩૬૨૨	૧૩૩૭	૩૬.૯૧
૬	૭	૩૮૯૫	૧૨૯૧	૩૩.૧૪
૭	૧	૪૩૨૯	૧૧૯૫	૨૭.૬૦
	કુલ	**૨૭૯૫૪**	**૧૧૧૭૮**	

૨૧. પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં. ૨, ૩, ૬, ૪, ૫ અને ૭માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે.જે પૈકી વોર્ડ નં ૨, ૬, ૫માં પછાતવર્ગની અને વોર્ડ નં. ૩, ૪, અને ૭માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. પછાતવર્ગ માટે કુલ ૬ બેઠકો (૩ સ્ત્રી બેઠકો) અનામત રાખવામાં આવેલ છે. વોર્ડ નં. ૨, ૩ અને ૬માં વર્ષ ૨૦૧૭માં પછાતવર્ગની બેઠકો ફળવાયેલ છે. રાજ્ય ચૂંટણી આયોગના તા.૯/૯/૨૫ના આદેશ મુજબ નવા બનેલા સૂચિત વોર્ડ નં.૨, ૩ અને ૬ મહદઅંશે સરખા વિસ્તારના જ છે. જેથી અનામત બેઠકોની ફાળવણી સમયે પૂનરાવર્તન ન થાય તે મુજબ રોટેશન કરવાનું રહે છે. જેથી ૨૦૧૭માં ફાળવેલ બેઠકોનું પુનરાવર્તન ન થાય તે માટે એ જ વોર્ડોમાં બેઠક ફાળવવાની નથી

વોર્ડ નંબર	બેઠક
૪	પછાતવર્ગ
૫	પછાતવર્ગ સ્ત્રી
૭	પછાતવર્ગ
૧	પછાતવર્ગ સ્ત્રી
૨	પછાતવર્ગ
૩	પછાતવર્ગ સ્ત્રી

૨૨. (૧) ભારતના બંધારણના અનુચ્છેદ-૨૪૩-વક, ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩, તથા તે હેઠળ બનેલા નિયમો તથા શહેરી વિકાસ વિભાગના તા.૨૧-૦૬-૨૦૨૫ના જાહેરનામામાં કરેલ જોગવાઈઓનો અમલ કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગને મળેલ સત્તાની રૂએ નગરપાલિકાઓની આગામી સામાન્ય ચૂંટણી માટે નગરપાલિકાઓના વોર્ડોમાં બેઠકોની વારાફરતી ફાળવણી કરવા નીચે મુજબના માર્ગદર્શક સિધ્ધાંતો/માપદંડ નક્કી કરવા રાજ્ય ચૂંટણી આયોગે તા-૦૯-૦૯-૨૦૨૫થી આદેશ કરવામાં આવેલ છે.

(ક) જે નગરપાલિકાઓ માટે કેટલાક ઉમેરાયેલા વિસ્તારો બાદ ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે વોર્ડ સીમાંકન (અનામત બેઠકોની ફાળવણી સહિત) કરવાનું છેતેવી નગરપાલિકાઓમાં અગાઉ ૨૦૧૫ની સામાન્ય ચૂંટણી/૨૦૨૧ની સામાન્ય ચૂંટણી વખતે કરેલ વોર્ડ સીમાંકન (અનામત બેઠકોની ફાળવણી સહિત) ના વોર્ડ નંબર/ વોર્ડના નામ મહદઅંશે સરખા (૫૦ ટકા તેથી વધુ) વિસ્તારના હોય તો, તે નવા વોર્ડ સીમાંકન વખતે અનામત બેઠકોની ફાળવણી સમયે, અનામત બેઠકો પુનરાવર્તીત ન થાય, તે રોટેશન કરતી વખતે ધ્યાનમાં લેવાનું રહેશે. મતલબ કે નવા સીમાંકન બાદ જો વોર્ડ રચનામાં આંતરિક ફેરફાર થતા (એટલે કે ૫૦ ટકાથી ઓછા) હોય તો તે ધ્યાને લેવાના રહેશે નહિ. તે મુજબ હદમાં ફેરફાર થયેલ નગરપાલિકાઓની હવે પછી યોજાનાર સામાન્ય ચૂંટણીઓ માટે કાયદા / નિયમોની જોગવાઈઓને અનુરૂપ વારાફરતી બેઠકો ફાળવણી કરવાની રહેશે.

(ખ) સને ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે શહેરી વિકાસ વિભાગ દ્વારા હદમાં ફેરફાર થવાના કારણે ઉમેરાયેલા વિસ્તાર માટે નગરપાલિકાના વોર્ડ સંખ્યા / અનામત બેઠકો સહિત નક્કી થયા મુજબ રાજ્ય ચૂંટણી આયોગે કરેલ વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની કરવાના થતાં ફાળવણીના આદેશોમાં અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક છેલ્લા સીમાંકનમાં ફાળવાયેલ હોય, તે પુનરાવર્તીત થતી હોય તો, તેના ઉતરતા ક્રમમાં ત્યાર પછીના ખાસ ક્રમાંકને બેઠક ફાળવણી અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠકો અને આ વર્ગની સ્ત્રીને બીજાક્રમે રાખીને બેઠક ફાળવવાની રહેશે.

(ગ) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ બેઠકોનું વારાફરતી ફાળવણી કર્યા બાદ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠક છેલ્લા સીમાંકનમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની વસ્તી માટે કરવામાં આવેલ સર્વે અને સર્વે મુજબ વોર્ડવાર નિયત થયેલ ટકાવારીના ક્રમ મુજબ બેઠક ફાળવાયેલ હોય તેની પછીના ક્રમમાં અને રાજ્ય ચૂંટણી આયોગના તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી નક્કી કરેલા માપદંડ અનુસાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગમાં સ્ત્રીને બીજા ક્રમે આપી બેઠક ફાળવવાની રહેશે.

શહેરી વિકાસ વિભાગના તા.૨૧-૦૬-૨૦૨૫ના જાહેરનામાથી નિયમ-૭માં થયેલ સુધારાની જોગવાઇ અને રાજ્ય ચૂંટણી આયોગના તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ,અનુસૂચિત આદિજાતિ અને પછાત વર્ગ તથા સ્ત્રીઓ માટે અનામત બેઠકો વારાફરતી ફાળવણી નીચે મુજબ કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૮ની સામાન્ય ચૂંટણી વખતે અનુસૂચિત જાતિની ૭ બેઠક વોર્ડ નં-૧, ૩, ૪, ૫, ૭, ૨ અને ૬માં ફાળવેલ હોય આગામી સામાન્ય ચૂંટણી માટે અનુસૂચિત જાતિની બેઠકો નીચે મુજબ ફાળવવામાં આવે છે.

અનુસૂચિત જાતિ માટે ફાળવેલ બેઠકો

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૧	૧	૧	અનુસૂચિત જાતિ
૨	૨	૩	અનુસૂચિત જાતિ સ્ત્રી
૩	૩	૪	અનુસૂચિત જાતિ
૪	૪	૫	અનુસૂચિત જાતિ સ્ત્રી
૫	૫	૭	અનુસૂચિત જાતિ
૬	૬	૨	અનુસૂચિત જાતિ સ્ત્રી
૭	૭	૬	અનુસૂચિત જાતિ સ્ત્રી

વર્ષ ૨૦૧૮ની સામાન્ય ચૂંટણી વખતે ખાસ ક્રમાંક નં.૧ /વોર્ડ નં.૭ માં અનુસૂચિત આદિજાતિની સ્ત્રીની બેઠક ફાળવેલ હોય આગામી સામાન્ય ચૂંટણી માટે અનુસૂચિત જાતિની બેઠકો નીચે મુજબ ફાળવવામાં આવે છે. વોર્ડ નં-૩ અનુસૂચિત જાતિની સ્ત્રીની બેઠક ફાળવાયેલ હોઈ ઉતરતા ક્રમના ખાસ ક્રમાંક ૩/વોર્ડ નં-૪માં અનુસૂચિત આદિજાતિની સ્ત્રીની બેઠક નીચે મુજબ ફાળવવામાં આવે છે.

અનુસૂચિત આદિજાતિ માટે ફાળવેલ બેઠકો

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૧	૩	૪	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

વર્ષ ૨૦૧૮ની સામાન્ય ચૂંટણી વખતે વોર્ડ નં-૨ ,૩ અને ૬માં પછાતવર્ગની ૩ બેઠક ફાળવેલ હોય આગામી સામાન્ય ચૂંટણી માટે પછાત વર્ગની ૬ બેઠકો નીચે મુજબ ફાળવવામાં આવે છે. જે મૂજબ ખાસ ક્રમાંક નં.૪/ વોર્ડ નં. ૪માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય પરંતુ વોર્ડ નં-૪માં અનુક્રમે અનુસૂચિત આદિજાતિ સ્ત્રીની તેમજ અનુસૂચિત જાતિની બેઠક ફળવાયેલ હોઈ તેને જતો કરવામાં આવેલ છે. વોર્ડ નં.૫ અને ૭માં અનુક્રમે પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રીની બેઠક ફાળવેલ છે. ત્યારબાદ નં.૧ અને ૨માં અનુક્રમે પછાતવર્ગ સ્ત્રી અને પછાતવર્ગની બેઠક ફાળવેલ છે તેમજ ખાસ ક્રમાંક-૨ / વોર્ડ નં-૩માં પછાત વર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય પરંતુ ત્યાં અગાઉથી અનુસૂચિત જાતિ સ્ત્રીની બેઠક ફળવાયેલ હોઈ પછાતવર્ગની બેઠક ફાળવેલ છે. ત્યારબાદ પછાતવર્ગની બેઠક ફાળવવા વોર્ડ નં-૪ બાકી રહે છે પરંતુ વોર્ડ નં-૪માં અનુસૂચિત આદિજાતિ સ્ત્રી અને અનુસૂચિત જાતિ એમ બે અનામત બેઠક ફળવાયેલ હોઈ વોર્ડ નં-૪ના ચડતાં ક્રમનાં વૉર્ડ વોર્ડ નં. ૬મા પછાતવર્ગનું પ્રતિનિધિત્વ આપવા સારૂ બીજી બેઠક માટે પછાતવર્ગ સ્ત્રીની અનામત બેઠક ફાળવેલ છે

પછાતવર્ગની ફાળવેલ બેઠકો

અનુ નં	ખાસ ક્રમાંક	વોર્ડ નં.	બેઠક
૨	૫	૫	પછાતવર્ગ
૩	૬	૭	પછાતવર્ગ સ્ત્રી
૪	૭	૧	પછાતવર્ગ સ્ત્રી
૫	૧	૨	પછાતવર્ગ
૬	૨	૩	પછાતવર્ગ
૭	૩	૬	પછાતવર્ગ સ્ત્રી

૨૩. આ પ્રમાણે અનુસૂચિત જાતિ,અનુસૂચિત જનજાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૪. સમગ્રત: તમામ પાસાઓનો અભ્યાસ કરીને થરાદ નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ-૨માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૫. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નક્કી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૬. અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નક્કી કરવામાં આવે છે અને અનુસૂચિ-૨માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિદ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નંબર-૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, વાવ-થરાદ ને આપવાની રહેશે.મુદત પુરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

રાજ્ય ચૂંટણી આયોગ થરાદ નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદો આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક:- રાચઆ-ચટણ-સમક-નપા-થરાદ-યુનીટ-૫-૨૦૨૫ તા.૨૮/૧૦/૨૦૨૫નું બિડાણ.

અનુસૂચિ-૧

નમૂના નંબર : ૮

થરાદ નગરપાલિકા જિ. વાવ-થરાદ

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૪૨	૫	૦	૬૩૧	૧ થી ૯૩	શિવનગર, નાથબાવા વિસ્તાર, ગઢવીવાસ,
	૪૫	૨૯૩	૦	૭૩૩	૧ થી ૧૦૧	શિવનગર, ગૌસ્વામીવાસ, વજીરવાસ
	૪૬	૫૨૬	૦	૭૪૭	૧ થી ૧૨૩	શિવનગર, જેપાલવાસ, ભાનાણીવાસ, બઢીયા વાસ, પંડ્યાવાસ, રાઠોડવાસ, લુહારવાસ
	૪૭	૫૧૫	૦	૬૭૩	૧ થી ૧૦૦	શિવનગર, ડોહટવાસ, હિંગડાવાસ, બ્રાહમણ વાસ
	૪૮	૬૨૧	૦	૭૬૬	૧ થી ૧૦૪	શિવનગર, ડોહટ વાસ, જેપાલ વાસ, પંડ્યા વાસ, બોચિયા વાસ, લુહાર વાસ
	૪૯	૭૭૮	૦	૭૭૯	૧ થી ૮૬	શિવનગર, રાઠોડ વાસ, અણખીયાવાસ, ડોહટ વાસ
		૨૭૩૮	૦	૪૩૨૯		

હદનું વર્ણન

થરાદ નગરપાલિકાના સુચિત વોર્ડ નં. ૧ ના વાયવ્ય ખૂણે થી મોજે ગામ ચૂડમેર ના સિમાડે રે. સં. નં. ૨૪, ૨૫, ૨૬, ૨૭ની પૂર્વે તરફ જઈ રે. સં નં. - ૩૫થી દક્ષિણે સેડલાઈ વિસ્તારના કબ્રસ્તાન પાસેના વિસ્તારથી હનુમાન મંદિરથી પ્રશ્ચિમ દિશાએ વળી શિવનગર મેઈન રોડ થઈ

ઢીમા રોડથી કેનાલ ક્રોસ કરીને ગઢવીવાસથી આગળ જતા વીડી વિસ્તાર સર્વ નં. ૨૩ પ્રશ્રિમે તરફ મોજે ગામ ચારડા ના સિમાડા થી ચૂડમેરના સિમાડા સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર

નમૂના નંબર : ૮

થરાદ નગરપાલિકા જિ. વાવ-થરાદ

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
					ઘર નંબર થી ઘર નંબર સુધી	
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૩૨	૬૦	૦	૩૫૯	૧ થી ૧૦૮	મોચીબજાર રોડ, મોટા દેરાસર પાછળ, વજીરવાસ વખારપાસે
	૩૪	૦	૦	૫૮૫	૧ થી ૧૨૪	કાજી વાસ, મોટા જૈન દેરાસર પાસેનો વિસ્તાર, મોચી બજાર નાની મસ્જિદ વિસ્તાર
	૩૫	૭૫	૦	૫૪૯	૧ થી ૧૦૩	પશુ દવાખાના સામેના વિસ્તારની શેરી, પંડ્યા વાસ, નારણદેવી શાળા પાછળનો વિસ્તાર
	૩૬	૦	૦	૫૬૦	૧ થી ૧૨૮	પાંચપીર વાસ, પરમાર વાસ, રાવળ વાસ, પ્રજાપતિ વાસ, જમાદાર વાસ, ઢાળ વળી શેરી
	૩૭	૧૬૯	૭	૭૩૪	૧ થી ૧૪૦	આંબેડકર વાસ, કન્યા શાળા/કુમાર શાળા પાસેનો વિસ્તાર
	૩૯	૦	૧૭	૫૨૮	૧ થી ૧૩૬	સેડલાઈ વિસ્તાર, દેવીપૂજક વાસ શેરી
	૪૦	૩૯	૦	૫૯૩	૧ થી ૧૦૬	સેડલાઈ વિસ્તાર, મહોરમ ઘર પાસેનો વિસ્તાર, કુંભાર વાસ, પથ્થર સડક
	૪૧	૫૪	૫	૭૮૩	૧ થી ૧૨૧	સેડલાઈ વિસ્તાર, કબ્રસ્તાન સામેનો વિસ્તાર, કુમાર શાળા પાછળનો વિસ્તાર, હવાડાશેરી
		૩૯૭	૨૯	૪૬૯૧		

હદનું વર્ણન

થરાદ નગરપાલિકાના સુચિત વોર્ડ નં. ૨ના વાયવ્ય ખુણે આવેલ રે.સ.નં. ૫૦ થી શરૂ કરી પૂર્વ તરફ રે.સ.નં. ૪૯, ૪૮ થઈને ઈશાન ખુણા તરફ સ.નં. ૪૭, ૪૪ થઈને પી.એમ.આવાસ થઈને એસ.ટી.પી. સેડલાઈ એરીયા થઈને અગ્નિ ખુણ સ.ન.૩૨૩ સેડલાઈ એરીયા પથ્થર સડક, પશુ દવાખાના સામેનો વિસ્તાર, નારણદેવી શાળા પાછળનો વિસ્તાર, મોટા દેરાસર, પાછળનો વિસ્તાર, થઈને મોચી બજાર થઈને પાંચપીરવાસ થઈને અગ્નિ ખુણે પાણીની ઉંચી ટાંકી થઈને જુના ગંજ બજાર રોડ ક્રોસ કરીને, કન્યાશાળા થઈને પાછળના ભાગનો વિસ્તાર થઈને દક્ષિણે કબ્રસ્તાન થઈને સર્વે નં. ૩૩, ૩૪, ૩૬ થઈને પ્રશ્રિમ ખુણે સ.નં. ૩૬ ઉતર તરફ આવેલ રસ્તો ક્રોસ કરી સ.નં. ૩૭, ૩૯, ૪૩ સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર

નમૂના નંબર : ૮

થરાદ નગરપાલિકા જિ. વાવ-થરાદ

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૨૭	૧૪૫	૬૦	૬૩૯	૧ થી ૧૮૮	પશુ દવાખાના પાસેનો વિસ્તાર, ગોડાઉન પાસેનો ભીલ વાસ, નાથબાવા વિસ્તાર, APMC વિસ્તાર
	૨૮	૩૬૬	૮૪	૮૩૦	૧ થી ૨૨૧	વિષ્ણુ મંદિર, બોવડા વિસ્તાર, નારણદેવી રોડ વિસ્તાર, નારણદેવી મંદિર, જનતા હાઈસ્કૂલ પાસેનો વિસ્તાર
	૨૯	૦	૬૫	૬૧૧	૧ થી ૨૭૧	રાજગઢી, શેણલનગર બોવાડા વિસ્તાર, ડાયમંડ પેટ્રોલપંપ,અર્બુદા કોમ્પ્લેક્ષ, APMC વિસ્તાર
	૩૦	૩૫૯	૮	૫૮૬	૧ થી ૧૧૫	વજીર વાસ, રાજગઢી પાસે, હડિયાળ વાસ, પંડ્યા વાસ
	૩૧/૧	૫૯૨	૦	૭૬૬	૧ થી ૧૦૪	વખાર વાસ, પંડ્યા વાસ, મેમણ વાસ, વાણિયા વાસ,
	૩૧/૨	૧૧૦	૦	૧૧૦	૧૦૫ થી ૧૨૧	વખાર વાસ, હડિયલ વાસ,
	૩૮	૧૧	૦	૫૧૪	૧ થી ૧૧૩	સેડલાઈ વિસ્તાર, સલાટ વાસ, બોર પાસેનો વિસ્તાર, ઓડ વાસ, રાવળ વાસ, તળાવની પાળ પાસેનો વિસ્તાર
		૧૫૮૩	૨૧૭	૪૦૫૬		

હદનું વર્ણન

થરાદ નગરપાલિકાના સુચિત વોર્ડ નં. ૩ના વાયવ્ય ખુણે રે.સ.નં. ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬,૫૭ થી શરૂ કરી ઈશાન તરફ જતા રે. સર્વે નં. ૬૩, ૬૪, ૬૫, ૭૮ રોડ ક્રોસ કરી રે.સ.નં. ૯૦, ૯૧, ૯૨ રોડ ક્રોસ કરીને સ.નં. ૯૫, ૯૭,૯૮, ૧૨૭, ૧૨૮, ૧૨૯, ૧૩૧, ૧૩૨, ૧૩૪, ૧૩૯, ૧૪૦ થઈ પૂર્વે દિશાએ સ.નં.૧૪૨થી લઈ અગ્નિ ખુણે સિંધવાઈ એગ્રો ઈન્ડસ્ટ્રીઝ સ.નં. ૧૪૫,૧૪૭, ૧૩૭, ૧૩૬, ૧૨૨, ૧૧૪, ૧૧૩, ૧૧૦થી લઈ દક્ષિણ તરફ ત્રિરંગા હોટલ, ડાયમંડ પેટ્રોલપંપ, સ.નં. ૧૯૩, થઈને દરબાર ગઢ ત્યાંથી નૈઋત્ય ખુણે વખારવાસ થઈને સરકારી ગોડાઉન, પશુ દવાખાના પાસેનો વિસ્તાર થઈને આંગણવાડી થઈને રાવળવાસ તરફ થઈને સેડલાઈ તરફ થઈને પ્રશ્રિમ તરફ સ.નં. ૪૨, ૮૧, ૭૨,૭૧, ૫૧ સુધીના સમાવિષ્ટ તમામ વિસ્તાર

નમૂના નંબર : ૮

થરાદ નગરપાલિકા જિ. વાવ-થરાદ

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૩/૨	૩૨	૪	૧૯૫	૧૧૪ થી ૧૩૪	આશાપુરાના પાછળનો ભાગ તથા કબ્રસ્તાન વિસ્તાર
	૧૫	૧૯	૦	૫૦૩	૧ થી ૧૮૨	મહેશ્વરી સોસાયટી, ન્યુ મહેશ્વરી પાસેનો વિસ્તાર
	૧૯	૦	૦	૧૮૫	૧ થી ૧૧૫	મેઈન બજાર રોડ, ઓડ વાસ, પારેખની પોળ, જૈન દેરાસર વિસ્તાર

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
	૨૦	૧૭૫	૬૮	૭૫૩	૧ થી ૧૪૬	કૃષ્ણનગર, બારલીમાતા, વણકરવાસ
	૨૧	૪૦૫	૪૭	૮૫૮	૧ થી ૨૦૪	વાલ્મીકિ વાસ, રાજેશ્વર વિધ્યાલય, રામાનુજ નગર, ગાયત્રી હાઉસિંગ સોસાયટી, ગાયત્રી વિધ્યાલય પાસેનો ગોવારિયા વાસ
	૨૨	૩૧૭	૩૩	૬૮૩	૧ થી ૧૫૭	ઘાંચી વાસ, વાલ્મીકિ વાસ, બસ સ્ટેન્ડ સામે, ચંદ્ર વિલાસ ગેસ્ટ હાઉસની શેરી, વણકર વાસ
	૨૩	૦	૧૬	૨૫૦	૧ થી ૧૨૮	સોનારા શેરી, આંબલી શેરી, મેઈન બજાર રોડ
	૨૬	૧	૦	૩૪૩	૧ થી ૧૪૫	હનુમાન શેરી, મેઈન બજાર, ધોરાવાસ, રામજી મંદિર પાછળનો વિસ્તાર
		૯૪૯	૧૬૮	૩૭૭૦		

હદનું વર્ણન

થરાદ નગરપાલિકાના સુચિત વોર્ડ નં. ૪ના વાયવ્ય ખુણે આવેલ આશીર્વાદ સોસાયટી રે.નં. ૧૮૪થી લઈને પૂર્વ તરફ રે.સ.નં. ૧૨૨, ૧૬૦ લઈને ઈશાન ખુણે સ.નં. ૧૪૮, ૧૪૯, આશ્રમ શાળા તથા સર્વે નં. ૧૪૫, ૧૪૩, ૧૪૪, ૧૫૨થી લઈને પૂર્વ દિશા તરફ રે.સ.નં. ૧૫૩, ૧૫૪, ૧૫૫થી લઈને અગ્નિ ખુણા તરફ રે.સ.નં. ૧૬૭થી દક્ષિણ તરફ ૧૬૯, ૧૭૦, ૧૭૧,૧૭૨ થઈને નૈઋત્ય ખુણે ગોવારીયાવાસ, નેશનલ હાઈવે ક્રોસ કરી રામાનુજ નગર ઘાંચીવાસ થઈ પ્રશ્રિમ દિશાએ બારલીમાતા થઈને હનુમાન ગોળાઈ થઈને આશાપુરા પાછળનો ભાગ તથા કબ્રસ્તાન વિસ્તાર થઈને ચામુડા કોમ્પલેક્ષ, રામજી મંદિર, સોનારાશેરી, મેઈન બજાર, જુની મામલતદાર કચેરી, આંબલીશેરી, ટાંડા તળાવ થઈને સ.નં. ૧૯૩ સુધીના સમાવિષ્ટ તમામ વિસ્તાર

નમૂના નંબર : ૮

થરાદ નગરપાલિકા જિ. વાવ-થરાદ

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૧૩	૦	૭	૧૬૧	૧ થી ૭૭	ચકલી શેરી, ઝમકાર દેવી મંદિર પાસેનો વિસ્તાર
	૧૪	૧૭	૨૪	૨૭૫	૧ થી ૮૩	પાણીની ટાંકી, ચકલી શેરી વિસ્તાર, પાવડ વાળી શેરી
	૧૬	૩૮	૪	૬૨૧	૧ થી ૧૩૧	જૂના પી.એચ.સી રોડ, પાર્શ્વનાથ નગર, ધરણીધર સોસાયટી
	૧૭	૦	૩	૪૨૪	૧ થી ૧૩૨	ઘેરા લીમડી વિસ્તાર, રાજેન્દ્રનગર સોસાયટી
	૧૮	૪	૭	૬૧૩	૧ થી ૧૩૩	ચામુંડા મંદિર પાછળનો વિસ્તાર, હર્ષ બંગલોજ વિસ્તાર, બેન્સા પાસેનો વિસ્તાર, રાજેન્દ્રનગર

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
	૩૩	૦	૦	૨૬૯	૧ થી ૧૨૯	રાશિયા શેરી, દેસાઈ શેરી, કાજી વાસ રોડ
	૪૩	૨૭૫	૧૭	૬૨૯	૧ થી ૧૧૦	શિવનગર, જૂની પ્રા.શાળા પાછળ લુહારવાસ, વજીર વાસ, પંડ્યા વાસ, સુથાર વાસ
	૪૪	૧૯૪	૦	૬૩૦	૧ થી ૯૩	શિવનગર, હનુમાન ડેરી પાસેનો વિસ્તાર, સર્વે નં.૩૦ લુહાર વાસ
		૫૨૮	૬૨	૩૬૨૨		

હદનું વર્ણન

થરાદ નગરપાલિકાના સુચિત વોર્ડ નં. ૫ના વાયવ્ય ખુણે આવેલ સ.નં. ૧૦ શરૂ કરી ઉતર તરફના રે.સ.નં. ૨૮, થી લઈ ઈશાન ખુણે હનુમાન મંદિર થઈને ઠાકોરવાસ, પાર્શ્વનાથ, ઘેરા લીમડી, જુના ગંજ બજાર રસ્તો ક્રોસ કરી પૂર્વ તરફ દેસાઈ શેરી, ચકલીશેરી, પાવડવાળી શેરી થઈને હનુમાન મંદિર થઈને રસ્તો ક્રોસ કરીને નગરપાલિકા કચેરી, રાજેન્દ્રનગર સોસાયટી થઈને દક્ષિણ તરફ ચામુંડાનગર પાછળનો વિસ્તાર, હર્ષ બંગલોઝ થઈ સર્વે નં. ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૧થી થઈને નૈઋત્ય તરફ રે.સ. ૧૮,૧૭, ૧૯, ૨૦ લઈ પ્રશ્રિમે રે.સ.નં. ૨૧, ૨૨, ૧૬, ૧૩, ૧૨ સુધીના સમાવિષ્ટ તમામ વિસ્તાર

નમૂના નંબર : ૮
થરાદ નગરપાલિકા જિ. વાવ-થરાદ

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૭	૫૧	૧૮	૩૬૯	૧ થી ૧૯૪	રેફરલ હોસ્પિટલ, અમનપાર્ક, ગેસ્ટ હાઉસ, વિશ્રામગૃહ, ટેલિફોન ઓફિસ સુધી, રેફરલ હોસ્પિટલ સામેનો વિસ્તાર
	૮	૯	૧૬	૫૭૭	૧ થી ૧૭૪	થાણા શેરી, ભમરસિંહ વકીલની શેરી, પોસ્ટ ઓફિસ પાછળ, બી,એસ.એન.એલ કચેરી પાછળનો વિસ્તાર
	૯	૦	૦	૩૧૬	૧ થી ૧૨૮	દેના બેન્ક વાળી શેરી, માધુ સા ના દવાખાના સામેની શેરી, થાણાશેરી, મહાલક્ષ્મી મંદિર સુધી
	૧૦/૧	૪	૦	૮૫૯	૧ થી ૧૩૮	ચામુંડાનગર, ખત્રીવાસ, ઠાકોરવાસ, રબારીવાસ
	૧૦/૨	૦	૦	૪૫	૧૩૮(૧) થી ૧૪૬	ચામુંડાનગર, નાઈવાસ
	૧૧	૩	૦	૬૬૪	૧ થી ૧૧૫	મહાલક્ષ્મી સોસાયટી, પોલીસ ક્વાર્ટર્સ, પોલીસ ગ્રાઉન્ડ, જેલ પાછળનો વિસ્તાર

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
	૧૨	૦	૦	૪૨૫	૧ થી ૧૯૧	મેઈન બજાર, હનુમાન ડેરી થી બસ સ્ટેન્ડ સુધી, પૃથ્વી કોમ્પ્લેક્ષ, મિલન કોમ્પ્લેક્ષ, ગણેશ સોસાયટી, મહાલક્ષ્મી મંદિર સામેની શેરી
	૨૪	૦	૦	૧૪૧	૧ થી ૧૧૨	સુથારા શેરી, મેઈન બજાર રોડ
	૨૫	૦	૦	૧૯૫	૧ થી ૧૬૦	સુથારા શેરી, જાગેશ્વર મંદિર વાળી શેરી, મેઈન બજાર, મોટી મસ્જિદ
	-	૦	૦	૦	-	જુના સર્વે નં. ૯ પૈકી ૨- નર્મદાનગર,સ.નં. ૧બી ૨/ પૈકી૩/પૈકી૩/ શ્રીહરિ સોસાયટી, સ.નં ૨ પૈકી ૨- બાલાજીનગર, સ.નં. ૪ પૈકી ૩ પૈકી ૨ - ઝમકારનગર, સ.નં. ૪ પૈકી ૩ પૈકી ૧ - સુંધલનગર, સ.ન. ૨ પૈકી ૧ - સુંધલનગર, સ.નં. ૪ પૈકી- દ્વારકાધીશ સોસાયટી
		૬૭	૩૪	૩૫૯૧		

હદનું વર્ણન

થરાદ નગરપાલિકાના સુચિત વોર્ડ નં. ૬ વાયવ્ય ખુણે આવેલ નાઈવાસ, ઠાકોરવાસ, પોસ્ટ ઓફીસ થી શરૂ કરી ઉતર દિશાએ જાગેશ્વર મંદિર થઈ ઈશાન ખુણે જુની દેનાબેંક વાળી શેરી ત્યાંથી મેઈન બજાર, સ.નં. ૨૦૯ થઈને વરખડી થઈ રેફરલ હોસ્પિટલ રોડ ક્રોસ કરી રાજદીપપાર્ક સોસાયટી પૂર્વ દિશા તરફે રે.સ.નં. ૩૨૧, ૩૨૦, ૩૧૭, ૩૧૮, ૩૧૩થી લઈ અગ્નિ ખુણે સ.નં. ૩૦૭, ૩૦૫ ,૩૦૨, ૨૯૮, ૨૯૭ ત્યાંથી દક્ષિણે રે.સ.નં. ૨૯૯, ૩૦૦, ૩૦૬ થઈ ત્યાંથી નૈઋત્ય ખુણા તરફ સ.નં. ૩૦૮, ૩૦૯, ૩૧૦, ૩૧૧, ૩૧૯ થઈ પશ્ચિમ દિશાએ નવિન ભેળવેલ સ.નં. ૨, ૪, ૯, ૧એ૧, (નવિન સ.નં. ૧૭, ૧૮, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૬ પૈકી) થઈને સ.નં. ૩૨૨, જિ.ઈ.બી. થઈને નેશનલ હાઈવે રોડ ક્રોસ કરી પ્રાંત કચેરી પાછળ, અમનપાર્ક સુધીના સમાવિષ્ટ તમામ વિસ્તાર

નમૂના નંબર : ૮
થરાદ નગરપાલિકા જિ. વાવ-થરાદ

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૭	૧	૨૬૪	૧૩૭	૬૩૦	૧ થી ૨૯૬	ભીમરાવનગર સોસાયટી, સરસ્વતી સોસાયટી, શિવશક્તિ સોસાયટી, ભીલ વાસ
	૨/૧	૨૩	૪૮	૭૭૫	૧(૧) થી ૮૩	બસ સ્ટેન્ડ વિસ્તાર, સર્વોદય સોસાયટી, બસ સ્ટેન્ડ પાછળનો વિસ્તાર
	૨/૨	૦	૨૦૨	૨૩૪	૮૪ થી ૧૫૮	સર્વોદય સોસાયટી જવાનો રસ્તો, ભીલ વાસ, બસ સ્ટેન્ડ થી ભીલ વાસ રસ્તો

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
	૩/૧	૩	૩	૭૦૩	૧ થી ૧૧૩	આશાપુરા વાસ, ભણસાળી દવાખાનું, વિજય બિઝનેશ, અંબિકા નગર-૧, રેફરલ હોસ્પિટલ સામે
	૪	૧૦	૧૦૪	૪૭૫	૬ થી ૧૬૫	બસ સ્ટેન્ડ, સર્વે નં.૨૦૧, આદેશનગર, ગઢવી હોસ્પિટલ, વિનાયક સોસાયટી, પ્રફુલભાઈની લાટી
	૫	૪૩	૩૨	૪૭૫	૧ થી ૧૩૦	માધવનગર સોસાયટી, પ્રગતિ સોસા, ગ્રીનપાર્ક, મીઠા રોડ ગેસ એજન્સી સુધી
	૬	૪	૦	૬૦૩	૧(૧) થી ૧૬૮	ધરણીધર સોસાયટી, અંબિકાનગર-૨
	-	૦	૦	૦	-	જુના સ.નં. ૭૭/પી૧/પી૨/ તેમજ ૭૭/પી૧/ પી૧/પી૨/ મુરલીધરપાર્ક
		૩૪૭	૫૨૬	૩૮૯૫		

હદનું વર્ણન

થરાદ નગરપાલિકાના સુચિત વોર્ડ નં. ૭ વાયવ્ય ખુણે આવેલ સ.નં. ૨૪૪, ૨૧૪પી, વિજય બિઝનેશ શોપીગથી શરૂ કરીને જે.જે. હોસ્પિટલ, સ.નં. ૨૧૬, ૨૨૧, ૨૨૧ પૈકી થઈ ઉતર તરફ શાકમાર્કટ ભીલવાસ થઈ સ.નં. ૨૦૫ થઈને ઈશાન ખુણે સ.નં. ૨૨૮ થઈને ભીમરાવનગર સોસાયટી, સરસ્વતી સોસાયટી, થઈને સ.નં. ૨૨૪, ૨૨૪પૈકી, અનંતા હોસ્પિટલ થઈને ચાર રસ્તા રોડ ક્રોસ કરીને નવિન ભેળવેલ વજેગઢ ગ્રામ પંચાયતના જુના સ.નં. ૪૬ (નવો સ.નં. ૧૯૬, ૧૯૭) મુરલીધર પાર્ક થઈને પૂર્વ તરફ સ.નં. ૨૨૭, ૨૨૮, ૨૩૪, ૨૩૫, ૨૬૧, ૨૬૩, ૨૬૪,૨૬૫,૨૬૭, ૨૬૮, ૨૭૦ થઈને અગ્નિ ખુણે ૨૭૧, ૨૭૨, ૨૭૬, ૨૭૩ થઈ દક્ષિણ તરફ સ.નં. ૨૭૪, ૨૭૫, ૨૭૬, ૨૭૮,૨૭૯, ૨૮૦, ૨૮૧, ૨૮૨, ૨૮૩ થઈને નૈઋત્ય ખુણે સ.નં. ૨૮૪, ૨૮૫, ૨૮૬, ૨૯૬, ૨૫૮, ૩૦૩ થઈ પશ્ચિમે સ.નં. ૩૦૪, ૨૫૧, ૨૪૬, ૩૧૪, ૩૧૫, ૩૧૬, ૨૧૮, ૨૧૭ સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર

આર. જી. ગોહિલ,

સચિવ.

અનુસૂચિ-૨

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-થરાદ-યુનીટ-૫-૨૦૨૫ તા.૨૮/૧૦/૨૦૨૫નું બિડાણ.

થરાદ નગરપાલિકાની સને-૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૨૭૯૫૪		
કુલ વોર્ડની સંખ્યા	૭		
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૩૯૯૩	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ :	૪૩૯૨
		સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ :	૩૫૯૪
બેઠકોની સંખ્યા	૨૮		
કુલ સ્ત્રી બેઠકો	૧૪	(અ.જાતિ, અનુ.આદિજાતિ અને પછાતવર્ગની સ્ત્રી માટે બેઠકો સહિત)	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૭	તે પૈકી ૪ બેઠકો અનુસૂચિત જાતિ સ્ત્રી	
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી .૧ બેઠક અનુસૂચિત આદિજાતિ સ્ત્રી	

પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા			૬	તે પૈકી ૩ બેઠકો પછાતવર્ગ સ્ત્રી		
કુલ અનામત બેઠકો			૨૦			
સામાન્ય બેઠકો			૮			
અ.નં	**વોર્ડ નંબર**	**વોર્ડની વસ્તી**	**પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત**	**બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત**	**ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત**	**ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત**
૧	૧	૪૩૨૯	પછાત વર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૨	૨	૩૭૮૩	અનુસૂચિત જાતિ	સામાન્ય	પછાત વર્ગ	સામાન્ય
૩	૩	૩૯૯૪	અનુસૂચિત જાતિ	સામાન્ય	પછાત વર્ગ	સામાન્ય
૪	૪	૩૮૨૪	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૫	૫	૪૩૨૩	અનુસૂચિત જાતિ	સામાન્ય	પછાત વર્ગ	સામાન્ય
૬	૬	૩૬૧૧	અનુસૂચિત જાતિ	પછાત વર્ગ	સામાન્ય	સામાન્ય
૭	૭	૪૦૯૦	પછાત વર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
કુલ		**૨૭૯૫૪**				

આર. જી. ગોહિલ,

સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2025.11.04 18:44:23 IST